**<u>ક્રિમીનલ અપીલ નં.૨૦/૨૦૨૫ ના કામે આંક–૪ ની અરજી હેઠળ હુકમ :–</u>**

એપેલેન્ટ/આરોપી અબ્દુલ રજાક મજીદભાઈ મન્સુરી, રહે.બારીયા રોડ, મુ.પીપલોદ, તા.દે.બારીયા, જી.દાહોદનાએ દે.બારીયાના વિ. જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીએ ફોજદારી કેસ નં.૨૭/૨૦૨૧ ના કામે તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ સજાનો હુકમ કરેલ છે, સદર હુકમ તેઓએ ૩૦ દિવસમાં અપીલ અદાલતમાં પડકારેલ છે અને અપીલ સાથે અપીલ ચાલતા સમય સુધી સદર અપીલના કામે નીચેની કોર્ટનો હુકમ સ્ટે કરવા અને અપીલ ચાલતા સમય દરમ્યાનના રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી આપી અપીલ ચાલતા સમય સુધીના જામીન આપવા અરજ કરેલ છે, તે સંદર્ભમાં એપેલેન્ટ તરફે તેઓના વિ.વ.શ્રીને સાંભળ્યા, તેમજ અરજીની હકીકત વંચાણે લેતા નીચેની અદાલતે એપેલન્ટ/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૮,૭૬,૫૬૦/– નો વળતર પેટે ફરિયાદીને દિન–૩૦ માં ચુકવી આપવા અને વળતરની રકમ ચુકવવામાં કસૂર કરે તો વધુ–૩ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરેલ છે. આ કામે નીચેની અદાલતનો ચુકાદો તેમજ એપેલેન્ટ તર્ફેની રજુઆતો ધ્યાને લેતા એપેલેન્ટ તર્ફે મહત્વના તકરારી મુદ્દા હોવાનું જણાય છે અને નીચેની અદાલતનો સજાનો હુકમ મોકૂફ રાખી એપેલન્ટને જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો અપીલની સુનાવણી પહેલા એપેલન્ટને સજા ભોગવવાનો વારો આવે તેમ જણાતું હોય નીચેની અદાલતનો સજાનો હુકમ મોકૂફ રાખી એપેલન્ટને અપીલનો નિર્ણય ન થાય ત્યાં સુધી જામીન ઉપર મુકત કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) એપેલેન્ટ/આરોપી અબ્દુલ રજાક મજીદભાઈ મન્સુરી, રહે.બારીયા રોડ, મુ.પીપલોદ, તા.દે.બારીયા, જી.દાહોદનાઓને ક્રિ.પ્રો.કો.ક.૩૮૯(૧) અન્વયે એપેલન્ટની અપીલનો ગુણદોષ ઉપર આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી એપેલેન્ટે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરાના) જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા રજુ કર્યેથી તેમજ ચેકની રકમ પૈકીની ૨૦% રકમ વિ. ટ્રાયલ અદાલતમાં જમા કરાવ્યેથી વિ. ટ્રાયલ અદાલતનો એપેલન્ટ/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૮,૭૬,૫૬૦/- નો વળતર પેટે ફરિયાદીને દિન-૩૦ માં ચુકવી આપવા અને વળતરની રકમ ચુકવવામાં કસૂર કરે તો વધુ-૩ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરેલ છે તે બીજો હુકમ ના થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટના હુકમની અમલવારી માકૂફ રાખવાનો નીચેની શરતોને આધીન આદેશ કરવામાં આવેલ છે.

**શરતો :-**

(૧) અપીલની સુનાવણી દરમયાન એપેલન્ટે નિયીમત હાજર રહેવાનું રહેશે.

(૨) એપેલેન્ટે અપીલ આગળ ચલાવવામાં બીનજરૂરી મુદતો માંગવી નહી.

(૩) એપેલન્ટે પોતાનું કાયમી સરનામુ લેખીત પુરસીસથી જાહેર કરવું અને અદાલતની પરવાનગી વગર સરનામામાં ફેરફાર કરવો નહી.

(૪) ક્રિમિનલ કેસનું રેકર્ડ ટ્રાયલ કોર્ટમાં હોય જામીન તથા ચેકની રકમ પૈકીની ૨૦% રકમ એપેલન્ટે દિન-૩૦ માં વિ. ટ્રાયલ કોર્ટમાં રજુ કરવી.

- હુકમની જાણ સારું વિ. ટ્રાયલ કોર્ટને યાદી કરવી.

હુકમ આજ તા.૧૮ મી માહે ઓગષ્ટ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૮/૨૦૨૫
સ્થળ : લીમખેડા

**(મિનાક્ષી મહેશકુમાર સોની)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ. લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00740